P-721 Seat No.________

# M. A. (Sem. IV) Examination
## April / May - 2016
## Gujarati : CC - 403
## (સમીક્ષા - અપઠિત)

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 કોઈ પણ એક વિષય ઉપર આશરે 300 શબ્દોમાં નિબંધ લખો : **14**

(1) વસંત વનમાં, વસંત જનમાં.

(2) સામાજિક દૂષણો અને યુવાનોનું કર્તવ્ય.

(3) આપણા ઘડવૈયા બાંધવ ! આપણે.

(4) લોકશાહી દેશમાં વર્તમાનપત્રની આવશ્યકતા.

2 કોઈ પણ એક વિષય ઉપર આશરે 300 શબ્દોમાં નિબંધ લખો : **14**

(1) મારો પ્રિય કવિ.

(2) સાહિત્ય : જીવનનો અરીસો.

(3) મધ્યકાલીન જ્ઞાનમાર્ગી કવિતા.

(4) ગુજરાતી સાહિત્ય ઉપર આધુનિકતાનો પ્રભાવ.

3 નીચે આપેલા કાવ્યનો રસાસ્વાદ કરાવો : **14**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે.
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

પરિચિતોને ધરાઇને જોઇ લેવા દો,
આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારી, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીંટળાઇ અહીં,
પછી કોઇને કોઇની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચ્હેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઇ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી દઉં 'આદિલ',
અરે, આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

- આદિલ મનસૂરી

**અથવા**

બાર વરસને અંતે જોયું ગામ
- એનું નવું પડ્યું છે નામ -
આંગણમાં ઊભેલો વગડો
ઊગમણીયા ટેકરીઓને સોડે
પાછે પગલે દોડે.
દોડે સાથે કવરવમાળા,
સુરજિયા અંધારા સાથે પડછાયા પગપાળાં
ધુંગામાં સુતા'તાં સૌ શિયાળ ક્યાં છે ?
ક્યાં છે પેલાં સાપલિસોટા ચટાપટાળા
રાનબિલાડાના ડેલામાં ફરતાં તેજ કૂંડાળાં ક્યાં છે ?
રેતકાંકરા પાછળ મૂકી વહી ગયા રે વ્હેળા,
છંછેડેલા મધપૂડાની
લાખલાખ માંખોના ક્યાંરે
એ કોલાહલ મેળા !

કઠિયારાની કુહાડીના ટચકા કોને પડે
કડડડ કરતાં વૃક્ષ સામટાં પડે
ખરખર મારાં ખરી રહ્યાં છે પાન,
ખરખર ખરી રહ્યાં છે ગાન,
હર્યું ભર્યું (હું) રાન
હવે વેરાન !

- જયન્ત પાઠક

4 નીચે આપેલા પરિચ્છેદનું ગુજરાતીમાં ભાષાંતર કરો : 14

These figures the represents with as little accessory detail as possible and in the simplest possible manner; and for this reason – and also because it is difficult to represent drapery in so stubborn a medium as stone or metal the finest representations of the human figure in sculpture are partially or entirely nude. Nevertheless the mental aspect of the real is far more prominent in the sculptor's work than it is in the architect's; for the sculptor endows the stone or mental figures which he creates with the appearance of life, and presents. The idea of the highest prefection of the class of being which is in each case represented. Physical beauty in repose is, therefore, the special subject of the art of sculpture.

**અથવા**

There are two classifications of the arts which are helpful. The first divides them into the arts of the 'eye' and the arts of the 'ear'; according as they respectively use one or other of the sense of sight or hearing as their primary channel of approach to the mind. Thus grouped we get the arts of architecture, sculpture, and painting placed in broad contrast to the arts of music and poetry.

By the second they are arranged with reference to the greater or less degree in which they severally depend upon a material basis for the realization of their respective purposes. On this principle Hegel places architecture lowest and poetry highest in order of dignity. Architecture is placed lowest because in the manifestations of this art the material basis is most prominent, and indeed, it is only the purpose expressed in the arrangement of the dignity of works of art.

5 નીચેની કાવ્ય પંક્તિનો અર્થવિસ્તાર કરો : 14

કાતરની ચોરી કરે, કરે સોયનું દાન;
ઊંટ ચડી જોયા કરે, કેમ ન આવ્યું વિમાન ?

**અથવા**

5 નીચેની ગદ્યપંક્તિનો અર્થવિસ્તાર કરો : 14

વિચારોનું પરિધાન તે શૈલી છે.